# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

***Tapovan Gurukulam***

**લેખક**


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# Tapovan Gurukulam

**[Home Schooling]**

Tapovan Gurukul is the best Gurukulam. which provides quality education with moral values.

જ્યારે શિક્ષણ દ્વારા તૈયાર થતાં બાળક-બાળિકાઓનું સંસ્કરણના નામે મીંડુ છે. તેઓને સંસ્કરણ કે Moral education ના lesson ખાસ ભણાવવામાં આવતા નથી. તે કદાચ સ્કૂલ-કોલેજ કરી લે છે પણ માનવતા-કરૂણા-સરળતા-ધાર્મિકતા-સંસ્કારિતા ખાસ જોવા મળતી નથી ઉલ્ટુ સ્વભાવની વિચિત્રતા પોતાના Family સાથે જોવા મળે છે. પૂ. ગુરુદેવે ખૂબ લાંબો વિચાર કરી સંસ્કરણ થઇ શકે અને મા-બાપની ઇચ્છા મુજબ શિક્ષણ થઇ શકે તેવો વચલો માર્ગ શોધી કાઢ્યો. જો તમારે છોકરાને ભણાવવો જ છે તો સંસ્કારિતાના ભોગે તો નહિ જ. તપોવનમાં પરમાત્મા ભક્તિ-વાચના-Story અને Practical આયોજન દ્વારા ખરાબ મિત્રોની સોબતથી બાળકને બચાવવા જબરદસ્ત મહેનત કરી. તપોવનમાં બાળક રહેવા માત્રથી ખરાબ મિત્રો-સહશિક્ષણ-આદિથી બચાવી લેવાયો અને પૂ. સાધુભગવંતોને સંસ્કારણની જવાબદારી સોંપી સેંકડો વર્ષ માટેના જૈનશાસનના ઘડવૈયા તૈયાર કરવા પ્રયત્ન કર્યો છે. જેના બાળકો ભણી ગયા તેના માતા-પિતા હાલ ખુશમાં છે કે પોતાનો બાળક સંસ્કારિત બન્યો. પોતાના બાળકને તો બચાવ્યો પરંતુ પોતાનું future safe કર્યું.

હવે પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા લગભગ ૩૦ વર્ષથી ચાલે છે. તેમાં બનાસકાંઠા-કચ્છ-સાબરકાંઠાના જૈન બાળકો આવતા હતા. જે હવે આવતા નથી. તેઓ બીજી-બીજી લાઇનમાં

જઇ રહ્યાં છે. ત્યારે ભવિષ્યમાં સારા શિક્ષકો મેળવવા સારા વિદ્યાર્થીની ખૂબ જ જરૂરિયાત છે. સારા બાળકોમાં કરેલ પુરુષાર્થ સફળ નીવડે તે માટે Tapovan Gurukulam કરવા જેવું છે. જે બાળકને બચાવવાની ભાવના વાલીઓને છે, પણ સાથે Option ની જરૂર છે તેઓને Tapovan Gurukulam માંથી મળી જશે તેમ લાગે છે. આ આયોજનમાં સારા શ્રાવક બનાવવાની ભાવના છે. ધર્મપ્રેમી બાળકો જો બને તો life time સુધી તેઓ ધર્મને વફાદાર રહેશે. તે માટે વાલીઓને પણ સંતોષ થાય તેવું આયોજન જરૂરી છે. જો દરેક મોટા સ્થાનોમાં આવું આયોજન સંઘ સંચાલિત બને તો જરૂરી બાળકો મળે અને તે સારામાં સારા તૈયાર થઇ શકે. (It is modern inflution which is interested in cultivating an environment where young students can come together and learn in creative and flexible environments.) તેનું આયોજન નીચે પ્રમાણે ગોઠવી શકાય. આમાં સ્થાન અને અનુકૂળતા પ્રમાણે ફેરફાર પણ કરી શકાય.

**કાર્ય કરનાર મેનેજમેન્ટ ટીમ :** સારી ઉત્સાહી-નિષ્ઠાવાન Team જરૂરી છે. સરખે સરખા વિચારવાળા વ્યક્તિઓ આવશ્યક છે. તેઓ પાસે સમય-સમજ અને vision હોવું ખૂબ જ જરૂરી છે. On paper બધું Planning બનાવવું અને ત્યારબાદ ચર્ચા કરીને Final Plan બનાવવો. પછી દરેકને પોતાની જવાબદારી સોંપવી. દરેકે બીજાના departmentમાં માથું ન મારવું જેથી ખોટાં ક્લેશ-સંક્લેશ ન થાય. (A goal without a plan is just a wish.)

જે વિષયો ભણાવવા જોઇએ તે નીચે પ્રમાણે રાખી શકાય.

**ધાર્મિક અભ્યાસક્રમ :** પાંચ પ્રતિક્રમણ, તેના અર્થ - ૪ પ્રકરણ

- ૩ ભાષ્ય - કર્મગ્રંથ - તત્વાર્થ વગેરે, સંસ્કૃતવાંચન, પ્રાકૃતવાંચન વગેરે.

**જનરલ અભ્યાસક્રમ :** ભાષા - ગુજરાતી, હિન્દી, અંગ્રેજી. એકાદ બિઝનેસની લાઇન પણ શીખવાડી શકાય. basic Computer, D.T.P., Online ભણાવવું.

**extra અભ્યાસક્રમ :** વૈદિકગણિત, જ્યોતિષ, આયુર્વેદ, હસ્તલેખન, જૈન ભૂગોળ, સંગીત, ડ્રોઇંગ, કરાટે-જુડો, જિમ્નેસ્ટિક્સ-દેશી રમતો, પૂજા-પૂજનો, નૃત્ય.

**School અભ્યાસક્રમ :** ધો. ૧૦-૧૨ની NIOS માંથી પરિક્ષા આપવાની છૂટ.

We can provide residential appartment to stay and give concession to boys and girls for Tapovan gurukulam depending on their family background.

જો દરેક સંઘમાં પાઠશાળાની સાથે આવું ગોઠવાય તો ઘણા બાળકો-બાળિકાઓ જોડાય. તેને સારી રીતે તૈયાર કરાય તો સંઘમાં સારા બાળકો તૈયાર થાય અને ભવિષ્યમાં સારા ટ્રસ્ટી અને કાર્યકર્તાઓ જૈન સંઘને મળશે.